| | | | | |
|---|---|---|---|---|
| Received on | 20-01-2025 | | | |
| Registered on | 20-01-2025 | | | |
| Decided on | 24-03-2026 | | | |
| Duration | Yr. | Mo. | Ds. | |
| | 01 | 02 | 04 | |

**કઠલાલના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં.**
**કઠલાલ પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૧૦૫૮૯/૨૦૨૧**

**ફોજદારી કેસ નં. ૩૮/૨૦૨૫**

**આંકઃ**

**શ્રી સરકાર ........ફરીયાદી**

વિરૂધ્ધ

હિતેશકુમાર દીપસિંહ ગોહિલ
રહે.નવાપુરા બાવકા, તા.જી.દાહોદ.
હાલ રહે.મહુડી જોલા ફળીયું, જીવનદીપ સોસાયટી,
ઝાલોદ રોડ, દાહોદ. ......આરોપી

| | |
|---|---|
| ગુન્હો | ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| | |

| | |
|---|---|
| શ્રી સરકાર તર્ફે | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. ચૌહાણ |
| આરોપી તર્ફે | વિ.વ.શ્રી જી. એચ. ઉપાધ્યાય |

જ્યુડી.મેજી.ફ.ક.
કઠલાલ

## ફોજદારી મેન્યુઅલના નિયમ–૧૭૯ (એ) મુજબ નમુના–બી નું પત્રક

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૦૪–૦૭–૨૦૨૧ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૬–૦૭–૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૨૦–૦૧–૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | ૧૭–૦૪–૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૭–૦૬–૨૦૨૫ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | ૨૪–૦૩–૨૦૨૬ |
| ઠરાવની તારીખ | ૨૪–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | નીલ |

**આરોપીની વિગત દર્શાવતું પત્રક**

| આરોપીનો ચાર્જશીટ મુજબ નંબર | આરોપીનું નામ | આરોપીઓ અટક કર્યાની તારીખ | આરોપીઓ જામીન મુક્ત કર્યાની તારીખ | કયા ગુન્હાનું તહોમત છે | છોડી મુક્યા કે સજા ફરમાવી | ફરમાવવા માં આવેલ સજા | સી.આર.પી.સી. કલમ–૪૮૨ના હેતુ માટે, ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેટલા સમયગાળા માટે અટક હતા |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | હિતેશકુમાર દીપસિંહ ગોહિલ | ૦૭–૦૯–૨૦૨૧ | ૦૭–૦૯–૨૦૨૧ | ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ | છોડી મુક્યા | નીલ | નીલ |

## ઠરાવ

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૦૪–૦૭–૨૦૨૧ના રોજ સવાર કલાક ૦૮/૩૦ વાગ્યાના સુમારે મોજે અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ ઉપર સોનપુરા થાંભલા હાઈવે રોડ ઉપર પોતાના કબ્જાની ફોર વ્હીલ ગાડી નં.જીજે.૨૦.એ.એચ.૩૬૨૦ને પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીની મોટર સાયકલ નં.જીજે.૦૭.સીએમ.૭૦૪૭ને પાછળથી ટક્કર મારી ફરીયાદીને જમણા હાથના ખભા ઉપર ફ્રેકચર કરી તથા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુન્હો કરેલ છે, તે મતલબની ફરીયાદીએ ફરીયાદ નોંધાવતા કઠલાલ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૧૦૫૮૯/૨૦૨૧ થી નોંધાવતા તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એક્ટની

કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે, જેને ફોજદારી કેસ નં.૩૮/૨૦૨૫ થી નોંધવામાં આવેલ છે.

(૨) હાલના કામના આરોપી સામે ચાર્જશીટ રજુ થતા, આરોપી સામેના ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આંક–૩ થી ગુના સંબંધે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ નં. | આંક | સાક્ષી | નામ |
|---|---|---|---|
| ૧ | ૦૫ | સાહેદ | પ્રતાપસિંહ સોમાભાઈ ડાભી |
| ૨ | ૦૬ | સાહેદ | બાબુભાઈ અમરસિંહ પરમાર |
| ૩ | ૦૭ | સાહેદ | બાબરભાઈ મંગળભાઈ બારૈયા |
| ૪ | ૦૮ | સાહેદ | સાગરસિંહ રતનસિંહ બારૈયા |
| ૫ | ૧૦ | સાહેદ | હિરેનકુમાર રાજેશભાઈ ભાભોર |
| ૬ | ૧૧ | સાહેદ | સતિષકુમાર લલિતભાઈ રાઠોડ |
| ૭ | ૧૨ | પંચ | નટવરભાઈ ડાહ્યાભાઈ બારૈયા |
| ૮ | ૧૪ | પંચ | પ્રભાતભાઈ સોમાભાઈ બારૈયા |
| ૯ | ૧૬ | ત.ક.અમલદાર | એએસઆઈ અરવિંદભાઈ ભીખાભાઈ |
| ૧૦ | ૧૮ | ત.ક.અમલદાર | એએસઆઈ અરવિંદભાઈ ભીખાભાઈ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૫ | મેડિકલ સર્ટિફીકેટ |
| ૩ | ૧૭ | સુચિપત્ર |
| ૪ | ૧૯ | ફરીયાદ |

(૪) આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાહેદને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને સરકાર તરફે પણ વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિઃશંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, "સતીષ મહેરા વિ.દિલ્હી એડમીનીસ્ટ્રેશન" તથા (૨૦૦૮) ૯, એસ.સી.સી., ૬૭૭, "નિખિલ મર્ચન્ટ વિ.સી.બી.આઈ." તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, "મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ"ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદપક્ષનો પુરાવો પૂરો કરવામાં આવે છે.

(૫) ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની જાહેરાત મૌખિક રીતે કરવામાં આવેલ હતી. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ જવાબ નોંધવામાં આવેલ, જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો આરોપીની કોઈ બેદરકારીથી બનાવ બનેલ નથી અમોને છોડી મુકવા અરજ છે.

(૬) ત્યારબાદ આ કામે પક્ષકારોની દલીલો સાંભળી.

(૭) ઉપરોકત તમામ સંજોગોમાં કેસના મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## <u>મુદ્દાઓ</u>

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકરીતે સાબિત કરે છે કે, આરોપીએ તા.૦૪-૦૭-૨૦૨૧ના રોજ સવાર કલાક ૦૮/૩૦ વાગ્યાના સુમારે મોજે અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ ઉપર સોનપુરા થાંભલા હાઈવે રોડ ઉપર પોતાના કબ્જાની ફોર વ્હીલ ગાડી નં.જીજે.૨૦.એ.એચ.૩૬૨૦ને પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીની મોટર સાયકલ નં.જીજે.૦૭.સીએમ.૭૦૪૭ને પાછળથી ટક્કર મારી

ફરીયાદીને જમણા હાથના ખભા ઉપર ફ્રેકચર કરી તથા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુન્હો કરી ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**કારણો**

**મુદ્દા નં.૧ તથા ૨ અંગેઃ–**

**(૯.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપી વિરૂદ્ધની હકીકત નિઃશંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દૃષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૯.૨)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ પ્રતાપસિંહ સોમાભાઈ ડાભીને આંક–૫ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, બનાવ બન્યો તે વખતે તેઓ મોટી મુંડેલ ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો. તે સમયે રતનસિંહ મંગળસિંહ શિક્ષક તરીકે ચૌહાણપુરા તાબે કઠલાલ ખાતે નોકરી કરતા હતા. બનાવ સને ૨૦૨૧માં બનેલો. બનાવ બન્યો તે સમયે તેઓ કઠલાલથી મોટી મુંડેલ મુકામે જતા હતા. તે વખતે પીઠાઈથી હાઈવે ઉપર રસ્તા ઉપર રતનસિંહ તથા તેમનું બાઈક પડેલ હતું. તે તેઓએ જોયેલું. જેથી તેઓએ રતનસિંહને પુછતા રતનસિંહને પગમાં ઈજા થયેલી તેમજ ખભા ઉપર ઈજાઓ થયેલી. અકસ્માત કરનાર ગાડીનો નંબર તેઓને હાલ યાદ નથી. રતનસિંહનાઓને ઈજાની સારવાર માટે કઠલાલ ખાતે હોસ્પીટલ લઈ ગયેલા. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલું.

બચાવપક્ષે સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નહીં.

(૯.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ બાબુભાઈ અમરસિંહ પરમારને આંક–૬ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તેઓને સંતાનમાં બે દિકરા તથા બે દિકરીઓ છે. આ બનાવ આશરે દોઢેક વર્ષ પહેલા બનેલો. બનાવ બન્યો ત્યારે તેઓ ગાડી લઈને પીઠાઈથી કઠલાલ ખાતે આવતો હતો. તે વખતે સોનપુરા પબ્લીક ઊભુ હતું, જેથી તેઓ ઊભો રહેલો. તેઓએ જોયું તો ત્યાં એક બાઈક અને ગાડીને અકસ્માત થયેલ હતો. આ અકસ્માત સમયે બાઈક રતનસિંહ માસ્તર પીઠાઈ ગામના હતા જેઓ ચલાવતા હતા. ફોર વ્હીલ ગાડી કોણ ચલાવતું હતું તેની તેઓને ખબર નથી તેમજ ફોર વ્હીલ ગાડીનો નંબર તેઓને ખબર નથી. અકસ્માતમાં રતનસિંહને ઈજા થવાથી સારવાર માટે આશીર્વાદ હોસ્પીટલ ખાતે લઈ ગયેલા. અકસ્માતમાં રતનસિંહને કઈ જગ્યાએ ઈજા થયેલી તેની તેઓને જાણ નથી. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલું. આમ સદર સાહેદ તેઓના નિવેદનને અનુરૂપ પુરાવો આપતા ન હોઈ એપીપીશ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર કરવામાં આવેલી ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ નિવેદનને અનુરૂપ પુરાવો આપતા નથી.

બચાવપક્ષે સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૯.૪) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ બાબરભાઈ મંગળભાઈ બારૈયાને આંક–૭ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તેઓ ધોરણ છ ભણેલો છે. તેમના ભાઈનું નામ રતનસિંહ મંગળભાઈ છે અને જેઓ બનાવ સમયે તેમના ભાઈ ચૌહાણપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે બનાવ સમયે નોકરી કરતા હતા. તેઓ નોકરીએ આવવા જવા માટે એક મોટર સાયકલનો ઉપયોગ કરતા હતા. જે મોટર સાયકલનો નંબર તેઓને હાલ યાદ નથી. બનાવ આજથી આશરે બે ત્રણ વર્ષ પહેલા બનેલો. બનાવ બન્યો તે વખતે તેઓ તેમના ઘરે હતા. બનાવની જાણ તેઓને તેમના મિત્રએ ફોન દ્વારા કરેલી, જેથી તેઓ બનાવ સ્થળે ગયેલા. તેઓ બનાવ સ્થળે ગયા તે વખતે

તેમના ભાઈને કઠલાલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. તેઓના ભાઈએ બનાવ બાબતે કાંઈ જણાવેલ નહીં. બનાવ કયા વાહનથી થયેલ તેનો નંબર તેઓને ખબર નથી. અકસ્માત કરનાર વાહનના ચાલકનું નામ તેઓને ખબર નથી. બનાવ બાબતેની ફરીયાદ તેમના ભાઈએ આપેલી. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલું. આમ સદર સાહેદ તેઓના નિવેદનને અનુરૂપ પુરાવો આપતા ન હોઈ એપીપીશ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર કરવામાં આવેલી ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ નિવેદનને અનુરૂપ પુરાવો આપતા નથી.

બચાવપક્ષે સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા તથા બનાવ તેઓએ નજરે નજર જોયેલ ન હોય બનાવની તેઓને કોઈ જાત માહિતી નથી.

(૯.૫) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ સાગરસિંહ રતનસિંહ બારૈયાને આંક–૮ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, બનાવ સમયે તેઓ ખેતી કામ કરતા હતા. તેમના પિતા ચૌહાણપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે બનાવ સમયે નોકરી કરતા હતા. તેઓ નોકરીએ આવવા જવા માટે એક મોટર સાયકલનો ઉપયોગ કરતા હતા. જે મોટર સાયકલનો નંબર તેઓને હાલ યાદ નથી. બનાવ આજથી આશરે બે ત્રણ વર્ષ પહેલા બનેલો. બનાવ બન્યો તે વખતે તેઓ ખેતરમાં હાજર હતા. બનાવની જાણ તેઓને તેમના કાકા બાબરભાઈએ ફોનથી કરેલી અને જણાવેલ કે સોનપુરા થાંભલા પાસે તારા પિતાજીને અકસ્માત થયેલ. જેથી તેઓ સોનપુરાના થાંભલાએ ગયેલા. તેઓ બનાવ સ્થળે ગયા તે વખતે તેમના પિતાજીને કઠલાલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. તેઓના પિતાજીએ બનાવ બાબતે તેઓને કાંઈ જણાવેલ નહીં. બનાવ કયા વાહનથી થયેલ તેનો નંબર તેઓને ખબર નથી. અકસ્માત કરનાર વાહનના ચાલકનું નામ તેઓને ખબર નથી. બનાવ બાબતેની ફરીયાદ તેમના પિતાજીએ આપેલી. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલું. આમ સદર સાહેદ તેઓના નિવેદનને અનુરૂપ પુરાવો આપતા ન હોઈ એપીપીશ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ફરીયાદપક્ષે ફરી

ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર કરવામાં આવેલી ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ નિવેદનને અનુરૂપ પુરાવો આપતા નથી.

બચાવપક્ષે સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેમના ખેતરમાં હતા તથા બનાવ તેઓએ નજરે નજર જોયેલ ન હોય બનાવની તેઓને કોઈ જાત માહિતી નથી.

(૯.૬) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ હિરેનકુમાર રાજેશભાઈ ભાભોરને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તેઓ બી. ઈ. સિવીલ એન્જીનીયરીંગ સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓને બે મિત્રો હિતેશ અને સતિષ છે. તેમના મિત્ર હિતેશ પાસે મહિન્દ્રા એકસયુવી ૩૦૦ ગાડી છે. જે ગાડી તેના પિતાના નામે હતી. બનાવ ત્રણ થી ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે દાહોદથી અમદાવાદ જતા હતા તે સમયે તેમની સાથે હિતેશ અને સતિષ તેમના મિત્ર હતા. તે વખતે ગાડી તેઓનો મિત્ર હિતેશ ચલાવતો હતો. ગાડીમાં તેઓ પાછળની સીટમાં બેઠેલ હતા. દાહોદ અમાદવાદ હાઈવે ઉપર કઠલાલ પીઠાઈ ટોલનાકા આગળ તેઓની ગાડીને અકસ્માત થયેલો. અકસ્માત એક બાઈક સાથે થયેલો. બાઈકનો નંબર તેઓને યાદ નથી. બનાવ સમયે ઘણા માણસો ભેગા થઈ ગયેલા. તેઓને પરીક્ષા આપવા માટે મોડું થતુ હોય તેઓ ૨૦ થી ૨૫ મિનીટ રોકાઈને બનાવ સ્થળેથી નીકળી ગયેલા. આ બનાવમાં બાઈક ચાલકને ઈજા થયેલી. તે સિવાય બીજા કોઈને ઈજા થયેલ નહીં. બનાવ બાબતે રતનસિંહ મંગળભાઈનાઓએ ફરીયાદ આપેલી. બનાવ બાબતે તેમનું નિવેદન લીધેલું. તમો આરોપીને ઓળખે છે.

બચાવપક્ષે સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતો બનાવવાળો રોડ અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ આવેલ છે તથા બનાવવાળા રોડ ઉપર ઘણા બધા વાહનોની અવરજવર થતી હોય છે તથા આ બાઈકવાળા ભાઈ સર્વિસ રોડ ઉપરથી મેઈન રોડ ઉપર ચઢી ગાડીની વચ્ચે આવી ગયેલ તથા બાઈકવાળા ભાઈએ એકાએક ક્રોસીંગ કરતા હાલનો બનાવ બનેલો તથા આરોપી તેમનો મિત્ર થતો હોય જેથી તેઓ તેને ઓળખે છે તથા કહેવાતા બનાવ બાબતે આરોપીની કોઈ ભુલ ન હતી.

(૯.૭) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ સતિષકુમાર લલિતભાઈ રાઠોડને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તેઓને બે મિત્રો હિતેશ અને હિરેન છે. તેઓએ સિવીલ એન્જીનીયરીંગનો અભ્યાસ કરેલ છે. તેમના મિત્ર હિતેશ પાસે એક બ્લેક કલરની ગાડી હતી, જે ગાડીનો નંબર તેઓને યાદ નથી. જે ગાડી તેના પિતાના નામે હતી. બનાવ ત્રણ થી ચાર વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે દાહોદથી  અમદાવાદ જતા હતા તે સમયે તેમની સાથે હિતેશ અને હિરેન તેમના મિત્ર હતા. તે વખતે તેમની પાસે ફોર વ્હીલર હતું તે ફોર વ્હીલર ગાડી તેમનો મિત્ર હિતેશ ચલાવતો હતો. ગાડીમાં તેઓ આગળની સીટમાં બેઠેલ હતો. બનાવ સમયે તેમનું ધ્યાન મોબાઈલમાં હતું. બનાવ કેવી રીતે બન્યો તેની તેઓને જાણ નથી. દાહોદ અમદાવાદ હાઈવે ઉપર કઠલાલ પીઠાઈ ટોલનાકા આગળ તેઓની ગાડીને અકસ્માત થયેલો. અકસ્માત એક બાઈક સાથે થયેલો. બાઈકનો નંબર તેઓને યાદ નથી. બનાવમાં કોને ઈજા થયેલી તેની તેઓને ખબર નથી. તેઓની પરીક્ષા આપવા માટે મોડુ થતુ હોય તેઓ ૨૦ થી ૨૫ મિનીટ રોકાઈને બનાવ સ્થળેથી નીકળી ગયેલ. બનાવ બાબતે રતનસિંહ મંગળભાઈનાઓએ ફરીયાદી આપેલી. બનાવ બાબતે તેમનું નિવેદન લીધેલું. આરોપીને ઓળખે છે.

બચાવપક્ષે સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, કહેવાતો બનાવવાળો રોડ અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ આવેલ છે તથા બનાવવાળા રોડ ઉપર ઘણા બધા વાહનોની અવરજવર થતી હોય છે તથા આરોપી તેમનો મિત્ર થતો હોય જેથી તેઓ તેમને ઓળખે છે તથા બનાવ સમયે તેઓને પરીક્ષા આપવા માટે જવાનું હોય તેઓ ગાડીમાં આગળ બેઠા વાંચતા હતા તથા પોલીસે માત્ર તેમનું નામ સરનામું પુછેલું. તે સિવાય બીજું કાંઈ પુછેલ નહીં અને તેઓએ જણાવેલ નહીં.

(૯.૮) ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ નટવરભાઈ ડાહ્યાભાઈ બારૈયાને આંક–૧૨ થી તથા અન્ય પંચ પ્રભાતભાઈ સોમાભાઈ બારૈયાને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસેલા. સદર બન્ને પંચો આંક–૧૩ થી રજુ થયેલ પંચનામામાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની કોઈ

હકીકત જણાવતા ન હોઈ બન્ને પંચોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર કરવામાં આવેલી ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ પંચનામાને લેશમાત્ર સમર્થન કરતા નથી.

બચાવપક્ષે બન્ને પંચોએ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય કાંઈ જાણતા નથી.

(૯.૯) ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અમલદાર એએસઆઈ અરવિંદભાઈ ભીખાભાઈને આંક-૧૬ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તા.૦૫-૦૭-૨૦૨૧ના રોજ તેઓ કઠલાલ પોલીસ સ્ટેશન અહેડકો તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા. તે વખતે ફરીયાદી રતનસિંહ મંગળભાઈ બારૈયાનાઓએ એક ફરીયાદ લખાવેલી. જે ફરીયાદ હકીકત એવી હતી કે તા.૭-૭-૨૦૨૧ના રોજ સવારના ૮.૩૦ વાગ્યાના કલાકે અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ, સોનપુરા થાંભલા હાઈવે રોડ ઉપર પોતાના કબ્જાની ફોરવ્હીલ ગાડી નં.જીજે.૨૦.એએચ.૩૬૨૦નું બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીની મોટર સાયકલ નં.જીજે.૦૭.સીએમ. ૭૦૪૭ને પાછળથી ટક્કર મારી ફરીયાદીને જમણા હાથના ખભા ઉપર ફેકચર કરી તથા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુન્હો કર્યાની ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ તેઓની રૂબરૂ આશીર્વાદ હોસ્પીટલ ખાતે લખી લેવામાં આવેલ, જે ફરીયાદના આધારે પીએસઓ કઠલાલનાઓએ સુચિપત્ર તૈયાર કરેલ, જેમાં પીએસઓની સહી છે, જે તેઓ ઓળખે છે. જે સુચિપત્રને દાખલ આંક-૧૭ આપવામાં આવે છે અને સદરહું ગુન્હાની તપાસ તેઓને સોંપતા તપાસ તેઓએ સંભાળી લીધેલ. ત્યારબાદ તેઓએ તા.૬-૭-૨૦૨૧ના રોજ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલું, જે પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ. જેમાં પંચોએ તેઓની રૂબરૂ સહી કરેલ અને રૂબરૂ તરીકે તેઓની સહી છે, જે પંચનામું આ કામે આંક-૧૩ થી રજુ છે. અન્ય લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ઈજા પામનારનું સારવાર સર્ટિફીકેટ મેળવવા માટે આશીર્વાદ હોસ્પીટલમાં યાદી કરેલ અને ત્યારબાદ સારવાર સર્ટિફીકેટ મેળવી આ કામે આંક-૧૫ થી રજુ છે. સદરહું ગુન્હાના કામે

અકસ્માત કરનાર વાહનોના કાગળો મેળવી આ કામે સામેલ રાખેલ. આરોપીને ૪૧(એ) મુજબ નોટીસ આપી કોર્ટમા હાજર રહેવા સારૂ સમજ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય સદરહું ગુન્હાનું ચાર્જશીટ તેઓએ કરેલ. આરોપીને જોયે ઓળખે છે. જે આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે ત.ક.અમલદારે તેઓની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો રોડ ઈન્દોર અમદાવાદ ફોરલેન હાઈવે રોડ છે અને આ રોડ ઉપર ઘણા બધા વાહનોની અવરજવર થતી હોય તથા તેઓની તપાસમાં એવું આવેલ કે, ફરીયાદી પીઠાઈવાળા રોડ ઉપરથી કઠલાલ તરફ આવતા હતા તથા પીઠાઈથી હાઈવે બાજુ આવવું હોય ત્યાં હાઈવે ઉપર આવવા માટે ઢાળ છે તથા પીઠાઈથી કઠલાલ આવવું હોય તો હાઈવે ક્રોસ કરવો પડે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ફરીયાદીને અનુરૂપ સાહેદોના નિવેદનો તેઓએ જાતે લખી લીધેલા. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નહીં. તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, પંચનામું પોલીસ સ્ટેશન તૈયાર કરી તેમાં પાછળથી પંચોની સહીઓ લીધેલી તથા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં આરોપી વિરૂધ્ધ ખોટી તપાસ કરી આરોપી વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે તથા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૯.૧૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર અમલદાર એએસઆઈ અરવિંદભાઈ ભીખાભાઈને આંક-૧૮ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તા.૦૫-૦૭-૨૦૨૧ના રોજ તેઓ કઠલાલ પોલીસ સ્ટેશન અહેડકો તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા, તે વખતે ફરીયાદી રતનસિંહ મંગળભાઈ બારૈયાનાઓએ એક ફરીયાદ લખાવેલી, જે ફરીયાદ હકીકત એવી હતી કે, તા.૭-૭-૨૦૨૧ના રોજ સવાર ૮.૩૦ વાગ્યાના કલાકે અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ, સોનપુરા થાંભલા હાઈવે રોડ ઉપર પોતાના કબજાની ફોરવ્હીલ ગાડી નં.જીજે.૨૦.એએચ.૩૬૨૦નું બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીની મોટર સાયકલ નં.જીજે-૭.સીએમ.૭૦૪૭ને પાછળથી ટક્કર મારી ફરીયાદીને જમણા હાથના ખભા ઉપર ફેકચર કરી તથા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુન્હો

કર્યાની ફરીયાદી ફરીયાદીના લખાવ્યા મુજબ તેઓની રૂબરૂ આશીર્વાદ હોસ્પીટલ ખાતે લખી લેવામાં આવેલ, જેમાં રૂબરૂ તરીકે તેઓની સહી છે, જે તેઓ ઓળખે છે અને ફરીયાદીએ તેઓની રૂબરૂ સહી કરેલ છે, જે અસલ ફરીયાદ આજરોજ રજુ કરે છે, જેને રજુ દાખલ આંક–૧૯ આપવામાં આવે છે. આરોપીને કોર્ટ રૂબરૂ જોયેથી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે ફરીયાદ લેનાર તથા ત.ક.અમલદારની ઉલટતપાસમાં તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, સદર કામની ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખેલ નહીં. તેઓએ જાતે લખી લીધેલ તથા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૦)** તે રીતે આ કામે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને, વંચાણે લેતા, સદર કામે ફરીયાદીને આંક–૪ થી સમન્સ કાઢતા સમન્સ ઉપર શેરો કરવામાં આવેલ કે ફરીયાદી મરણ ગયેલ છે અને તેઓનો મરણનો દાખલો આ કામે નિ.૪/૧ થી રજુ થયેલ છે, જેથી ફરીયાદીનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં અન્ય સાહેદોના પુરાવાઓ જોવામાં આવે તો સાહેદ પ્રતાપસિંહે અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી તેવું સ્વીકારે છે. ત્યારબાદ સાહેદ બાબુભાઈ, સાહેદ બાબરભાઈ, સાહેદ સાગરભાઈ આ તમામ સાહેદોના પુરાવાઓ જોવામાં આવે તો તમામ સાહેદો અકસ્માતવાળા બનાવના વાહન ચાલક તથા વાહનના નંબરને ઓળખી બતાવતા નથી તથા તમામ સાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ હતા, જેથી તેઓનો પુરાવો ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. ત્યારબાદ સાહેદ હિરેનકુમાર તથા સાહેદ સતિષકુમારનો પુરાવો જોવામાં આવે તો તેઓ બન્ને તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ સમયે તેઓ દાહોદથી અમદાવાદ જતા હતા તે સમયે તેમના મિત્ર હિતેશ જે આ કામનો આરોપી છે તે વખતે ગાડી આ કામના આરોપી ચલાવતા હતા. દાહોદ અમદાવાદ હાઈવે ઉપર કઠલાલ પીઠાઈ ટોલનાકા આગળ તેઓની ગાડીને અકસ્માત થયેલ હતો. અકસ્માત એક બાઈક સાથે થયેલો જેનો નંબર તેઓને યાદ નથી. બનાવમાં બાઈક ચાલકને ઈજા થયેલ હતી. બનાવ સંબંધે રતનસિંહ મંગળભાઈનાઓએ ફરીયાદ આપેલી. બનાવ સંબંધે તેઓનું નિવેદન લીધેલુ. તેઓ તેમની ઉલટતપાસમાં એ હકીકતોનો

સ્વીકાર કરે છે કે, બાઈકવાળા ભાઈ સર્વિસ રોડ ઉપરથી મેઈન રોડ ઉપર ચઢી ગાડીની વચ્ચે આવી ગયેલ તથા બાઈકવાળા ભાઈએ એકાએક ક્રોસીંગ કરતા હાલનો બનાવ બનેલો તથા આરોપી તેઓનો મિત્ર થતો હોય ઓળખે છે તથા કહેવાતા બનાવ બાબતે આરોપીની કોઈ ભુલ ન હતી. આમ તમામ સાહેદોના પુરાવાથી પણ અકસ્માતનો બનાવ કોની બેદરકારીથી બન્યો તે તેઓ ચોક્કસ કહી શકતા નથી તેમજ આરોપીને ઓળખતા નથી. આમ, રેકર્ડ ઉપર આવેલ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા બનાવવાળી જગ્યાએ અકસ્માત થયેલ હોવાનું જણાઈ આવે છે તથા તે અકસ્માતના કારણે ફરીયાદીને ઈજા થયેલ હોવાનું જણાઈ આવે છે, પરંતુ ઉપરોકત સાહેદોના પુરાવા ધ્યાને લેતા કોઈપણ સાહેદ અકસ્માત કરનાર વાહન ચાલકને ઓળખી બતાવતા ન હોઈ તથા આ કામના આરોપી જ અકસ્માત કરનાર વાહન ચલાવતા હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા અકસ્માત થયેલ હોવાનું તથા ફરીયાદીને ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે, પરંતુ આ કામના આરોપીની બેદરકારીને લીધે જ અકસ્મત થયેલ હોય અને ફરીયાદીને ઈજા થયેલ હોય તે બાબત શંકા રહિત પુરવાર થતી ન હોઈ રેકર્ડ ઉપર આવેલ પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો નથી.

**(૧૧)** તેમજ આ કામે આંક-૧૩ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આંક-૧૫ થી મેડિકલ સર્ટિફીકેટ રજુ થયેલ છે પરંતુ આ કામે ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા અકસ્માતનો બનાવ બનેલ હોવાનું જણાય છે અને તેમાં ભોગ બનનારને ઈજા થયેલાનું જણાય છે, પરંતુ જયારે ફરીયાદપક્ષે તમામ પુરાવાઓ જોવામાં આવે તો હાલના આરોપી જ બનાવ વખતે બનાવમાં સંડોવાયેલ વાહન બેફીકરાઈ રીતે ચલાવતા હોય કે તે કારણે અકસ્માત થવાથી ભોગ બનનારને ઈજા થયેલ હોવાની હકીકત જણાવતા ન હોય ત્યારે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા મેડિકલ સર્ટિફીકેટના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૧૨)** આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લઈએ તો, બનાવમાં સંડોવાયેલ વાહન કયુ હતું ? વાહનનો નંબર શું હતો ? તેનો ચાલક કોણ હતો

? તેવી મહત્વની હકીકતો ફરીયાદપક્ષે રેકર્ડ પર નોંધાવી શકેલ નથી. તેમજ બનાવ સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહન હાલના આરોપી પુરઝડપે, બેફીકરાઈભરી રીતે ચલાવતા હોય અને તેના કારણે ભોગ બનનારને ઈજા થયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ, ફરીયાદપક્ષે પોતાના પક્ષે નિઃશંકપણે પુરવાર કરવું પડે કે, હાલના આરોપી ઉપર જે કલમોનું તહોમત મુકેલુ છે તે ગુનો હાલના આરોપીએ જ કરેલ છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહે છે, જેથી આ કામે ઉપર ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપી ઉપર ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના બદલનું આરોપ મુકેલ છે તે અનુસંધાને આ કામે ફરીયાદપક્ષનો સંપૂર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો હાલના જ આરોપી વાહન રસ્તા ઉપર બેદરકારી પૂર્વક વાહન ચલાવતા હોય કે તેઓની બેદરકારીના કારણે રતનસિંહને જમણા હાથના ખભા ઉપર ફેકચર કરી તથા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજા પહોંચાડી ગુન્હો કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય આરોપીને અકસ્માત ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ તે અકસ્માત કરી આરોપી નાસી ગયેલ હોય તે બાબત પણ રેકર્ડ ઉપરથી પુરવાર થતી ન હોય આ કામે આરોપીને એમ. વી. એકટ મુજબના ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષ આ કામે મુદ્દા નં.૧ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧નો જવાબ "નકાર"માં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

૧. આ કામના આરોપી હિતેશકુમાર દીપસિંહ ગોહિલ રહે.નવાપુરા બાવકા, તા.જી.દાહોદ. હાલ રહે.મહુડી જોલા ફળીયું, જીવનદીપ સોસાયટી, ઝાલોદ રોડ, દાહોદનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) તથા ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.

વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે, પીટીશન થયેથી, જે–તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે અગાઉ આપેલ જામીન તે સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૪ માહે–માર્ચ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કઠલાલ.
તા.૨૪–૦૩–૨૦૨૬

**(આદિલખાન લીયાકતખાન પઠાણ)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**કઠલાલ**
**U.I.C.NO.GJ01684**

જયુડી.મેજી.ફ.ક.
કઠલાલ